# જેન્ડર રીસોર્સ સેન્ટરઃ સ્વસ્થ સમાજના નિર્માણમાં એક અગ્રેસર કદમ

ડૉ. દીપિકાબહેન રાઠોડ
આસિ. પ્રોફેસર, એસ.એમ.એન.કે. દલાલ એજ્યુ. કૉલેજ ફૉર વિમેન, અમદાવાદ- ૦૬

## ૧. પ્રાસ્તાવિક

એકવીસમી સદીમાં માનવજાત વિજ્ઞાન અને ટેકનોલૉજીના ક્ષેત્રે એક નોંધપાત્ર સિધ્ધિ પ્રાપ્ત કરી શક્યું છે તો સાથે સાથે સામાજિક ક્ષેત્રે સ્ત્રી-પુરૂષ સહજીવનમાં પણ એક બદલાવ દ્રષ્ટિગોચર થઇ રહ્યો છે, આ બદલાવ એકાએક પ્રતીત નથી થતો, પણ વર્ષો સુધી કેટલાય લોકોના અથાક પ્રયત્નો અને સાહસનું પરિણામ હોય છે. આજે સ્ત્રી-પુરુષને સમાન શિક્ષણ, સમાન અધિકારો, સમાન હોદ્દા મળતાં થયાં છે. સ્ત્રીઓની હેન્ડ બૅગમાં હવે ફક્ત મેક-અપ કિટ જ નહીં સ્માર્ટ ફોન, આઈ પૅડ, આઈપોડ, ટૅબ્લેટ, યુએસબી ડ્રાઈવ, નોટપૅડ અને ક્રેડિટ-ડેબિટ કાર્ડસ આવી ગયાં છે. એ અંતરિક્ષયાત્રી બની શકે છે, ટ્રક-ટ્રેન કે પ્લેન પણ ચલાવી શકે છે. ઘર, ઓફિસ અને બાળઉછેર જેવા ત્રણ ત્રણ મોરચે એકલે હાથે લડી શકે છે.

પ્રસ્તુત અભ્યાસ લેખમાં સ્ત્રી –પુરુષ સમાનતાના ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરનાર જેન્ડર રીસોર્સ સેન્ટર (જીઆરસી) વિશે એક વિસ્તૃત માહિતી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મહિલા અને બાળવિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩માં જેન્ડર રીસોર્સ સેન્ટર નામની સ્વાયત સંસ્થાની સ્થાપના કરવામા આવી છે. જીઆરસીનો મુખ્ય હેતુ રાજ્યની તમામ વિકાસલક્ષી પ્રક્રિયાઓ અને આયોજનમાં જાતિગત સમાનતા તેમજ સમન્યાયતાનો સમાવેશ થાય તે માટે ટેકો પૂરો પાડવાનો છે. જીઆરસી સરકારી તેમજ સ્વંયસેવી સંસ્થાઓને જાતિગત રીતે સંવેદનશીલ કાર્યક્રમો, નીતિઓ, કાયદાઓ અને યોજનાઓના આયોજન, અમલીકરણ તથા મૂલ્યાંકનમાં મદદ પૂરી પાડે છે. અભ્યાસ અંતર્ગત માહિતી પ્રાપ્ત કરવા માટે માત્ર વેબ આધારિત માહિતીનો આશ્રય લેવામાં આવ્યો છે. તદુપરાંત જીઆરસીના કાર્યોને એક ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં પણ સમજવાનો પ્રયાસ કર્યો છે. આ પ્રકારના કાર્યક્રમોને હજુ પણ વધુ વેગ મળે અને માનવજાત વધુ ગ્રહણશીલતા દાખવે તો સ્ત્રી પુરૂષ સમાનતાના ક્ષેત્રમાં ઘણી ઊંચી સિધ્ધિ હાંસલ કરી શકાય અને એક સ્વસ્થ સમાજના વિકાસમાં ચોક્કસ યોગદાન આપી શકાય.

ભારતમાં સ્વતંત્રતા પ્રાપ્તિ પહેલાં નારી જાગૃતિની દિશામાં દેશનેતાઓએ અને સમાજ સુધારકોએ નોંધપાત્ર કાર્ય કર્યું હતું આ ઐતિહાસિક ઘટનાઓએ જીઆરસીને કાર્ય કરવાની એક દિશા પ્રાપ્ત કરી આપી હતી. સ્વતંત્રતા બાદ મહિલા વિકાસ ક્ષેત્રમાં તત્કાલીન સરકારોએ કેટલીક વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મૂકી જ હતી, જેના પરિણામે પુરૂષપ્રધાન સમાજમાં પણ આપણે કંઈક બદલાવ લાવી શક્યા.

## ૨.નારી જાગૃતિના ઈતિહાસ પર એક દ્રષ્ટિપાત

પટેલ (૨૦૧૨) ભારતમાં નારીવાદ અંગે લખતા જણાવે છે કે, "ઓગણીસમી સદીમાં સામાજિક નવચેતના અને રાષ્ટ્રીય જાગરણનો યુગ શરૂ થયો. એ સમયે પ્રવર્તમાન રિવાજો અને પરંપરાની વિરુધ્ધમાં ટીકા કરવી, બોલવું આસાન નહોતું. એમાંય ખાસ કરીને નારીના અધિકારો માટે લડવું એ તો સામા પૂરે તરવા જેવું અઘરું કામ હતું. આ કપરા સંજોગોમાં જે સુધારકો આગળ આવ્યા એમાં રાજા રામમોહનરાય, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, બહેરામજી મલબારી, મહાદેવ ગોવિંદ રાનડે, મહર્ષિ કર્વે, દુર્ગારામ મહેતા, નર્મદાશંકર, કવિ દલપતરામ, કરસનદાસ મૂળજી વિગેરે વિચારકો અને સુધારકોએ સતીપ્રથા અને એના જેવી અનેક નારીશોષક રૂઢિઓ અને

રિવાજોને ખતમ કરવાની દિશામાં સંનિષ્ઠ પ્રયાસ કર્યા. સ્ત્રી કેળવણીની શરૂઆત થઈ. રાનડે, વિદ્યાસાગર, કર્વે, દલપતરામના પ્રયત્નો અને એની બસન્ટ દ્વારા શિક્ષણસંસ્થાઓ શરૂ થઈ. પ્રગતિશીલ સયાજીરાવે વડોદરામાં કન્યાશિક્ષણ માટે એમના રાજ્યમાં શાળાઓ શરૂ કરાવી. ઈ.સ.૧૯૧૫માં મોહનદાસ કરમચંદ ગાંધી ભારત આવ્યા. એ પહેલાં દક્ષિણ આફ્રિકામાં એમણે અહિંસાત્મક સત્યાગ્રહની નવી પદ્ધતિથી અંગ્રેજ સરકારની સામે આંદોલન ઊભું કરીને હિન્દીઓને ન્યાય અપાવ્યો. આ એક મોટી ઐતિહાસિક ઘટના હતી. વિશેષતા બે વાતની હતી.

૧. લડતમાં પાળવામાં આવેલી અણીશુદ્ધ અહિંસા અને

૨. જાહેરજીવનમાં મહિલાઓનો પ્રવેશ.

ગાંધીજીએ દેશના ઉત્થાન માટે જે પ્રવૃત્તિ હાથ ધરી તેમાં સ્ત્રી ઉન્નતિ પણ એક હતી. જીવનના એક એક ક્ષેત્રમાં સ્ત્રીઓ પુરુષોની સાથે સમાનભાવે ગૌરવપૂર્ણ ઊભી રહી શકે તે માટે કોંગ્રેસીઓને કર્તવ્યનું ભાન કરાવ્યું.

સુથાર (૨૦૧૩) સ્વતંત્રતા પ્રાપ્તતના ૩૦ વર્ષો પછી એટલે કે ૧૯૮૧માં ભારતમાં સ્ત્રી સાક્ષરતાનો દર માત્ર ૨૪.૮% હતો. તેમજ ૧૯૭૧માં ૩૯.૩% હતો જે ૨૦૦૧માં સામૂહિક પ્રયત્નોના કારણે વધીને ૫૪.૧૬ થયો. એકંદરે સ્ત્રી સાક્ષરતાનું આ પ્રમાણ સુધારાજનક હતું. જો કે પુરૂષ સાક્ષરતાનું પ્રમાણ ૭૫.૮૫ હતું. તેની સાપેક્ષ તે ઘણું ઓછું કહી શકાય. આ બધી બાબતોએ મહિલા સશક્તીકરણની દિશામાં કશુંક નક્કર કરવાની નેમને સંકલ્પ કરવાનું બળ પૂરું પાડ્યું.

સ્વતંત્ર ભારતમાં કલ્યાણ રાજ્યના હેતુ સાથે લોકશાહીમાં શિક્ષણના સાર્વત્રીકરણના ધ્યેયનો સ્વીકાર કરવામાં આવ્યો. રાજ્યોએ કોઈપણ જાતના ભેદભાવ વગર શિક્ષણના સંપૂર્ણ પ્રસારની જવાબદારી સ્વીકારી. શિક્ષણ સંસ્થાના પરંપરાગત સ્વરૂપ અને શિક્ષણના પ્રસારની પધ્ધતિમાં આમૂલ પરિવર્તન આવ્યું. સાક્ષરતા અભિયાન તથા કન્યા કેળવણી જેવી યોજનાઓ અંતર્ગત સ્ત્રી શિક્ષણને એક નવું જ સ્વરૂપ પ્રાપ્ત થયું છે. આર્થિક ઉપાર્જનનાં હેતુસર ગૃહઉધોગોને પણ વિકસાવવામાં આવ્યા છે. સ્ત્રી–સશક્તિકરણની વિભાવના અંતર્ગત અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ભારતમાં નારી મુક્તિની પ્રક્રિયા ગામડાં સુધી પ્રસારણ પામી. સ્ત્રીશિક્ષણ, સામાજીક કાયદા અને આજીવિકાની તકોએ સ્ત્રી સશક્તીકરણ દ્વારા સ્ત્રીના સ્થાનમાં પરિવર્તન લાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો. અનેક સરકારી કલ્યાણ યોજનાઓ અમલમાં આવી. જેની વિગતો નીચે દર્શાવવામાં આવી છે.

### ૩. ગુજરાત રાજ્ય સરકારનો મહિલા અને બાળ વિકાસ વિભાગઃ

ભારતીય બંધારણ સાર્વભૌમત્ત્વ, સમાજવાદ અને બિનસાંપ્રદાયિક સિધ્ધાંતોને વરેલું છે. આ બંધારણે દેશના દરેક નાગરિકને સમાન હક્ક આપ્યા છે. જાતીય સમાનતાનો સિધ્ધાંત મહિલાઓને સમાન હક્ક આપવાની તરફેણ કરે છે. બંધારણે મહિલાઓને સમાન હક્કો મળી રહે તે માટે મહિલાઓની તરફેણમાં સકારાત્મક ભેદભાવ કરવાની સત્તા રાજ્યને આપી. રાજ્ય સરકારનો મહિલા અને બાળ વિકાસ વિભાગ મહિલા અને બાળકોના ક્લ્યાણ, સશક્તીકરણ અને ઉધ્ધાર માટે વિવિધ યોજનાઓ ચલાવે છે. આ યોજનાઓ સંકલિત બાળ વિકાસ સેવા અને સંકલિત મહિલા વિકાસ સેવાના નેજા હેઠળ ચાલે છે. ૧૯૭૫માં ભારત સરકારે સંકલિત બાળ વિકાસ સેવા અને સંકલિત મહિલા વિકાસ સેવાનો પ્રારંભ કર્યો હતો. આજે આ સેવાનો વ્યાપ સમગ્ર દેશમાં છે. આ યોજનાનો લાભ ૩૫ રાજ્યોમાં સાડા ત્રણ કરોડ બાળકોને મળી રહ્યો છે. આ યોજનાનો લાભ દેશની છાસઠ લાખ સગર્ભા મહિલાઓને મળી રહ્યો છે.

મહિલા અને બાળકોના ક્લ્યાણ માટે કુટુંબ ક્લ્યાણ, શિક્ષણ, આરોગ્ય, પોષણ, આરોગ્ય શિક્ષણ, ન્યાય અને સમાનતા આ વિભાગ મહિલાઓ સામે રાખવામાં આવતાં ભેદભાવ દૂર કરવાનું અને તે મુદ્દે સંવેદનશીલતા કેળવવાનું કાર્ય કરે છે. તે મહિલાઓને વિવિધ

યોજનાઓમાં જોડવાનું કામ કરી સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવવાનું કામ કરે છે. મહિલાઓ માટે જાતીય સમાનતા ઉભી કરવાની મહત્ત્વની જવાબદારી આ વિભાગ નીભાવે છે. મહિલા અને બાળકોના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસમાં વિભાગની ચાવીરૂપ ભૂમિકા છે. વિભાગ તેમના સશક્તીકરણ માટેની માર્ગદર્શિકા તૈયાર કરવાનું અને જાગૃત્તિ ઉભી કરે છે. ઘરેલુ હિંસા, મહિલાને મિલકતનો અધિકાર, દહેજ પ્રતિબંધ, જાતીય સતામણી સામે રક્ષણ અને મહિલાઓનું અશ્લિલ ચિત્રણ જેવી મહિલાઓને સ્પર્શતી સમસ્યાઓના ઉકેલ માટે વિભાગ સક્રિય છે. આ વિભાગમાં નીચેના કેન્દ્રો સક્રિય છે.

- મહિલા અને બાળ વિકાસ કમિશનર
- નિયામક, સમાજ સુરક્ષા
- ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ (જીડબલ્યુઈડીસીએલ)
- ગુજરાત રાજ્ય મહિલા આયોગ
- જેન્ડર રિર્સોસ સેન્ટર (સ્વાયત્ત)
- કમિશનર, કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડ

સમાજમાં અનેક ક્ષેત્રોમાં મહિલાઓને અસમાનતાનો સામનો કરવો પડે છે. સ્ત્રી-પુરુષનું પ્રમાણ, સામાજિક માળખું, ઘરે અને કામના સ્થળે જાતીય હિંસા, શિક્ષણનું નીચું પ્રમાણ, આરોગ્ય અને પોષણનો અભાવ, આમ અનેક મોરચે મહિલાઓએ સહન કરવું પડે છે. ગુજરાતે મહિલાઓને સુશિક્ષિત - સુરક્ષિત અને જાગૃત્ત બનાવવા જેન્ડર ઈક્વાલિટી પોલીસી (જીઈપી) ઘડી છે. મહિલા અને બાળવિકાસ વિભાગે મહિલા અને બાળકોની સ્થિતિ સુધારવા માટે યોજનાઓને અમલી બનાવી છે, રાજ્ય સરકારે નવી પહેલ કરી છે. આ વિભાગો અંતર્ગત જીઆરસીની ભૂમિકા, હેતુઓ, કાર્યો અને સિધ્ધિઓ તરફ દ્રષ્ટિપાત કરીશું.

### ૪. જેન્ડર રીસોર્સ સેન્ટર

મહિલા અને બાળવિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩માં જેન્ડર રીસોર્સ સેન્ટર નામની સ્વાયત સંસ્થાની સ્થાપના કરવામા આવી છે. જીઆરસીનો મુખ્ય હેતુ રાજ્યની તમામ વિકાસલક્ષી પ્રક્રિયાઓ અને આયોજનમાં જાતિગત સમાનતા તેમજ સમન્યાયતાનો સમાવેશ થાય તે માટે ટેકો પૂરો પાડવાનો છે. જેન્ડર રીસોર્સ સેન્ટર, સરકારી તેમજ સ્વંયસેવી સંસ્થાઓને જાતિગત રીતે સંવેદનશીલ કાર્યક્રમો, નીતિઓ, કાયદાઓ અને યોજનાઓના આયોજન, અમલીકરણ તથા મૂલ્યાંકનમાં મદદ પૂરી પાડે છે.

### ૫. જેન્ડર રીસોર્સ સેન્ટરના કાર્યો

જીઆરસીના કાર્યો નીચે મુજબ છે.

- જાતિગત બાબતે વૈચારિક સ્પષ્ટતા અને જાગૃતિ લાવવી
- જાતિગત આયોજન, જાતિગત સંવેદનશીલતા અને જાતિગત વિષયોને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે તકનીકી સહયોગ આપવો.
- જાતિગત બાબતે ક્ષમતાવર્ધન, સંશોધન અને હિમાયત.
- સરકાર તેમજ અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જાતિ આધારિત સમાન ન્યાય સંબંધિત પ્રયત્નો વધુ કેન્દ્રિત, કાર્યદક્ષ તથા પ્રભાવશાળી બનાવવા માટે સલાહ અને સમર્થન પુરું પાડવુ.
- વિવિધ સ્ટેકહોલ્ડર્સ (હિતધારક) તેમજ બદલાવ લાવનારાઓના પ્રયત્નોને સંકલિત કરવા.
- વિકાસના જુદા-જુદા ક્ષેત્રોમાં મહિલાઓની ભાગીદારી અને તેઓની સ્થિતિ દર્શાવતા આંકડાઓ સાથેની ડેટા બેંક તૈયાર કરી પ્રકાશિત કરવી.

### ૬. મહિલાઓના સર્વાંગી વિકાસ માટેની નીતિ: નારી ગૌરવ નીતિ

રાજયના અને રાષ્ટ્રના વિકાસમાં મહિલાઓ પણ પોતાનું યોગદાન આપી વિકાસમાં સહભાગી બને તે માટે વર્ષ ૨૦૦૬માં રાજય સરકારે મહિલાઓ માટેની અલાયદી નીતિ "નારી ગૌરવ નીતિ" નું ઘડતર કરી અમલી બનાવવામાં આવેલ છે. આ નીતિની વિશેષતા એ છે કે, રાજયના તમામ સંબંધિત વિભાગોને વિભાગીય યોજનાઓ, કાર્યક્રમો, નીતિઓ તેમજ કાયદાઓને નિયત સમયમાં મહિલાઓના વિકાસલક્ષી બનાવવા સૂચવેલું છે. આ કાર્યક્રમો, મહિલાઓના સર્વાંગી વિકાસ માટે આવશ્યક એવા આઠ ક્ષેત્રોમાં વિભાજિત કરવામાં આવેલ છે.

૧. આર્થિક પર્યાવરણ
૨. સંચાલન અને નિર્ણય પ્રકિયા
૩. આરોગ્ય અને જીવનની ગુણવત્તા
૪. હિંસા
૫. પ્રાકૃતિક સંસાધન અને વ્યવસ્થા
૬. શિક્ષણ
૭. કાયદાકીય પર્યાવરણ
૮. હિમાયત અને ક્ષમતાવર્ધન

### ૭. નારી ગૌરવ નીતિ: નોંધપાત્ર સિદ્ધિઓ

ઉપરોક્ત આઠેય વિભાગો અંતર્ગત હાંસલ કરેલી સિધ્ધિઓ નિચે દર્શાવી છે.

### ૮. આર્થિક પર્યાવરણ

- ૨.૦૧ સખી મંડળોના ૨૫ લાખ મહિલા સભ્યો દ્વારા રૂા.૩૦૧.૦૨ કરોડની બચત. સખી મંડળોના સશકિતકરણ માટે મિશન મંગલમ કાર્યક્રમની શરૂઆત.
- ગરીબ કલ્યાણ મેળા દરમ્યાન કુલ ૧૦.૩૮ લાખ મહિલા લાભાર્થીઓને વિવિધ આર્થિક સહાય.
- ૧૦.૮૪ લાખ મકાનના દસ્તાવેજો મહિલાઓના નામે નોંધાયા, રૂા.૩૬૩.૪૬ કરોડની નોંધણી ફીમાંથી રાહત
- ૧.૨૩ લાખ વિધવાઓને માસિક રૂા.૫૦૦ વિધવા પેન્શન સહાય, વિધવાઓના આર્થિક પુન:વસન માટે ૫૬૩૫૭ વિધવાઓને તાલીમ
- ઈન્દીરા આવાસ યોજના અંતર્ગત ૧.૪૦ લાખ મકાનો મહિલાઓના તેમજ ૩૦૮૫૦ મકાનો પતિ-પત્નીના સંયુકત નામે
- ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને ૧૪૧૮૨૨ પ્લોટની ફાળવણી, કુલ ૬૮૬૫૪ સનદ પતિ-પત્નીના સંયુકત નામે

### ૯. વહિવટ અને નિર્ણય શકિત

- તમામ સરકારી નોકરીઓમાં મહિલાઓ માટે ૩૦% આરક્ષણ, વયમર્યાદામાં ૫ વર્ષની છૂટછાટ
- ૧૭૭૯૦ પાણી સમિતિઓમાં ૭૨૫૮૨ થી વધુ મહિલા સભ્યપદ
- ૨૧૧૯ મહિલા દૂધ મંડળીઓ કાર્યરત, ૬૪૨૨૦૮ મહિલા સભ્યો દ્વારા સફળ સંચાલન
- ૩૨૦૫ સહભાગી વન વ્યવસ્થાપન મંડળીની સ્થાપના, ૪.૯૩ લાખ મહિલા સભ્યપદ
- ૧૭૬૭૫ ગ્રામ્ય આરોગ્ય અને સ્વચ્છતા સમિતીઓ કાર્યરત, ૭૦% મહિલા સભ્યપદ
- મહિલાઓની સુરક્ષા માટે ૨૫ મહિલા પોલીસ સ્ટેશન, ૮ મહિલા સેલ કાર્યરત

### ૧૦. આરોગ્ય, પોષણ અને જીવનની ગુણવત્તા

- ચિરંજીવી યોજના: ખાનગી સ્ત્રીરોગ તબીબો દ્વારા ૬.૧૮ લાખ સગર્ભા મહિલાઓની સારવાર
- આકસ્મીક તબીબી સેવાઓ (૧૦૮) માટે ૫૦૬ એમ્બ્યુલન્સ વાન કાર્યરત, ૯.૧૯ લાખ પ્રસુતિ સંબંધીત સારવાર તેમજ ૨૪૨૪૦ પ્રસુતિ ૧૦૮ વાનમાં
- બાળકો, કિશોરી તેમજ સગર્ભા અને ધાત્રી મહિલાઓના પોષણ અને આરોગ્ય સુધાર માટે ગ્રામ્ય સ્તરે દર માસે મમતા દિવસની ઉજવણી : ૧૩.૩૦ લાખ મમતા દિવસની ઉજવણી અંતર્ગત ૧૩૫.૪૮ લાખ બાળકો, ૧૧૧.૩૫ લાખ કિશોરીઓ તેમજ ૫૨.૯૨ લાખ સગર્ભા અને ૪૨.૭૫ લાખ ધાત્રી મહિલાઓએ લાભ
- ૫૦૨૨૬ આંગણવાડી કેન્દ્રો દ્વારા ૭.૫૨ લાખ સગર્ભા અને ધાત્રી મહિલાઓ તેમજ ૧૨.૦૫ લાખ કિશોરી તેમજ ૩૦.૧૭ લાખ બાળકોને પૂરક પોષણ, ૪.૭૫ લાખ કિશોરીઓને કિશોરી શકિત યોજના અંતર્ગત પૂરક પોષણ

### ૧૧. હિંસા

- ૪૯૮-ક આઈપીસી કલમ અંતર્ગતના કેસોમાં પોલિસ અધિકારી દ્વારા કાઉન્સેલિંગ ન કરવા તેમજ, તે માટે ૨૬૦ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રોનો સહકાર લેવા સૂચના.
- મહિલાઓની સુરક્ષા માટે ૨૫ મહિલા પોલીસ સ્ટેશન, ૮ મહિલા સેલ કાર્યરત.

### ૧૨. શિક્ષણ અને ક્ષમતાવિકાસઃ

- શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રાનું સફળ અમલીકરણ: કન્યાઓનો શાળા પ્રવેશ દર ૧૦૦%, રાજયનો મહિલા સાક્ષરતા દરમાં ૧૨.૯૩%નો સુધારો.
- રાજયમાં સામાન્ય આઈટીઆઈમાં ૧૮ મહિલા આઈટીઆઈ અને ૪૪ મહિલાવિંગ કાર્યરત.
- ૩૦૦ કૌશલ્યવર્ધન તાલીમ કેન્દ્રો દ્વારા ૯૦૧૯૭ મહિલાઓને વ્યવસાયિક તાલીમ.

### ૧૩. કાયદાકીય પર્યાવવરણ

- બાળ જન્મ પૂર્વેના નિદાન ધારાનું અમલીકરણ : રાજય ચકાસણી અને દેખરેખ સમિતિ, રાજય, જિલ્લા તેમજ તાલુકા સ્તરે એપ્રોપ્રીએટ ઓથોરીટીની રચના.

### ૧૪. ઉપસંહાર

કોઈને એ પ્રશ્ન થઈ શકે કે આટલી યોજનાઓ અને સિધ્ધિઓ હોવા છતાં સ્ત્રી શોષણના બનાવો રોજ બનતા જોવા મળે છે, વાતમાં તથ્ય પણ છે, પણ માનસિકતામાં બદલાવ ખૂબ ધીમી પ્રક્રિયા છે અને સદીઓ સુધીના નિરંતર પ્રયત્નો જ તેમાં બદલાવ લાવી શકે છે આથી, આવતી કાલ માટે ભૂતકાળની ભૂલોને ભૂલી, વર્તમાનને વ્યવસ્થિત કરી, ભવિષ્યને ભાખીને એ માર્ગે વિકાસ કરવો જોઈએ. એના માટે યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત કરવું પડે, યોગ્ય નિર્ણયો લેવા પડે. સ્વાર્થ અને અહંકાર આડંબરને બદલે સદ્ગુણોનો વિકાસ કરવો જોઈએ. ભારતના ભાવિ સમાજના ઘડતર માટે, નિર્માણ માટે નારીનું શિક્ષણ એક આવશ્યક બાબત છે. આપણે કેવા ભાવિ સમાજનું નિર્માણ કરવા ઈચ્છીએ છીએ તેનો વિચાર કરતાં પહેલાં સ્ત્રીઓને લગતી જે તે બાબતો લક્ષમાં લેતા કુટુંબ, ધર્મ, રાજય, લગ્ન, શિક્ષણ, સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રોમાં સ્ત્રીની પરિસ્થિતિ તેમજ સ્ત્રીના વિચારો, આશા, આક્રોશ વિશેની જાણકારી મેળવવી જરૂરી છે. અને તો જ જીઆરસી પણ સ્વસ્થ સમાજના નિર્માણમાં પોતાનું યથોચિત યોગદાન આપવામાં સક્ષમ બની શકશે.

Vol. 10, Issue: 1, January: 2022
(IJRSML) ISSN: 2321 - 2853

**સંદર્ભસૂચિ**

1. Suthar, H. B., International Journal of Research in all Subjects in Multi Languages, Vol. 1, Issue:5, August 2013 (IJRSML) ISSN: 2321 – 2853
2. http://wcd.gujarat.gov.in/autonomous_bodyguj.html
3. http://www.gujaratindia.com/initiatives/initiatives-guj.htm?InitiativeId=LjTCkY/B4enpYr54i3TeyQ== (cited on 06-03-15)
4. http://www.kcgjournal.org/edu/issue2/jalda.php
5. http://www.sadhanaweekly.com/article.php?catid=182&issue_date=2012-08-1-11